રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૦૧ કેસ, ૧૪ના મૃત્યુ

અત્યાર સુધીમાં ૨૮૯૭ લોકોના મૃત્યુ અને ૬૯૨૨૯ લોકો ડિસ્ચાર્જ : ૨૪ કલાકમાં ૭૯ લોકો વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૦૮૦૮ ટેસ્ટ કરવામાં આવતા ૧૧૦૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૮૬ હજારને પાર થઈ ૮૬૭૭૯ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૪ દર્દીના મોત થયા કુલ મૃત્યુઆંક ૨૮૯૭ થયો છે. રાજ્યમાં આજે ૯૭૨ દર્દી ડિસ્ચાર્જ કરાયા હતા. કુલ ડિસ્ચાર્જનો આંકડો ૬૯ હજારને પાર થઈ ૬૯૨૨૯ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૬૫૩ એક્ટીવ ટેસ્ટ છે. જેમાં ૭૯ વેન્ટીલેટર પર અને ૧૪૫૭૪ સ્ટેબલ છે. રાજ્યમાં સાર્વત્રિક ભારે વરસાદ અને કોરોનાનો કહેર છેલ્લા ૨૪ કલાકથી સમાંતર ચાલી રહ્યો છે. અને સરકારી તંત્ર તેની સામે ઝઝુમી રહ્યું છે.

રાજ્યના આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૪ દર્દીના મોત થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૫, સુરત કોર્પોરેશનમાં ૩ અને જિલ્લામાં ૨, રાજકોટ કોર્પોરેશનમાં ૩ અને જિલ્લામાં ૨, જુનાગઢમાં ૨, રાજકોટ કોર્પોરેશનમાં ૧ અને વડોદરા કોર્પોરેશનમાં ૧નું મોત થયું છે. અમદાવાદ શહેરમાં આજે ૧૫૩ અને જિલ્લામાં ૨૪ કેલ સાથે ૧૭૭ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ સંક્રમિતનો આંકડો ૩૦૨૦૦ થયો છે. જ્યારે આજે વધુ ૫ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૬૮૫ થયો છે. સુરત શહેરમાં ૧૬૨ અને જિલ્લામાં ૮૬ સાથે ૨૪૮ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ સંક્રમિતનો આંકડો ૧૮૪૨૧ થયો છે. આજે ૫ દર્દીના મોત થતાં ૫૯૭ દર્દીના મોત સુરતમાં થયા છે. વડોદરા શહેરમાં ૮૭ અને જિલ્લામાં ૨૨ સાથે કુલ ૧૧૯ કેસ આજે નોંધાયા છે. વડોદરામાં કુલ સંક્રમિતનો આંકડો ૭૧૯૬ કેસ થયા છે. આજે વધુ ૧ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૧૯ થયો છે. રાજકોટ શહેરમાં ૬૩ અને જિલ્લામાં ૩૬ અને કુલ ૯૯ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૯૫૧ થયો છે.

ધાનેરાની રેલ નદીમાં દસ દિવસમાં આજે બીજી વાર પાણી આવતાં ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહિત અનેક વિસ્તારમાં આ વખતે મોડે મોડે પણ મેઘરાજાનું આગમન થતાં ખેડૂતોમાં ખુશી પ્રસરે છે છેલ્લા કેટલાક સમયથી બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહિત અનેક વિસ્તારમાં મેઘરાજા મહેરબાન થયા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ની રેલ નદી માં દસ દિવસમાં બીજી વાર પાણી આવ્યું છે ધાનેરા નજીકથી પસાર થતી નદીમાં પાણી આવતાં ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી છે તો લોકો પણ નદીના પાણી નાવા માટે જઈ રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા પણ લોકોને અપીલ કરવામાં આવી રહી છે કે પાણીના વહેણ થી દૂર રહેવું અને પાણી નજીક જવું એ તો બીજી તરફ ધાનેરા તાલુકાના રૂણી સહિતના અનેક ગામોમાંથી પસાર થતી નદીમાં લોકો જીવના જોખમે લોકો નદી ના પાણી માં દેખાય તેવા દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે ધાનેરા રેલ નદી માં પાણી આવતા ધાનેરા નું સ્થાનિક તંત્ર પણ એલર્ટ બન્યું છે અને ધાનેરા મામલતદાર સહિતની ટીમ તાત્કાલિક નદી કાંઠે પહોંચી કામગીરી હાથ ધરી છે સાથે સાથે લોકોને પાણીથી દૂર રહેવા માટેની અપીલ પણ કરી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ફફડાટ

પાલનપુર, ડીસા, દાંતીવાડા, ધાનેરામાં ભુકંપના આંચકા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે રાત્રે ધરા ધ્રૂજી હતી. જ્યાં ભૂકંપનો હળવો આંચકો અનુભવાતા લોકોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. જેનું કેન્દ્ર બિંદુ પાલનપુર થી ૩૮ કિલોમીટર દૂર વિરુણા ગામે નોંધાયું હતું જોકે, જિલ્લામાં કોઈ નુકશાન થયું નથી.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસની મહા મારીને પગલે લોકોમાં ભયનો માહોલ છવાયેલો છે. ત્યારે શનિવારે રાત્રે ધરા ધ્રૂજી હતી. એક તરફ ધોધમાર વરસાદ પડી રહ્યો હતો. ત્યારે જ ભૂકંપ આવ્યો હતો. જેનાથી મોટા ભાગના લોકોને તેની જાણ થઈ ન હતી. મેઘ ગર્જના થઈ હોવાનુ માની લીધું હતું. જ્યારે જેમને ભૂકંપનો આંચકો અનુભવ્યો હતો. તેઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, રાત્રે ૧૧:૩૪ વાગ્યે પાલનપુર, ડીસા, દાંતીવાડા, ધાનેરા સહિતના વિસ્તારોમાં ભુકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આંચકાની તીવ્રતા ૩.૪ હતી. ભૂકંપનું કેન્દ્ર બિંદુ પાલનપુર થી ૩૮ કિલોમીટર દૂર વિરુણા ગામે નોંધાયું હતું.જોકે, બનાસકાંઠા જિલ્લામાં કોઈ નુકશાન થયું ન હોવાનું ડિઝાસ્ટર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

બનાસકાંઠામાં સાંબેલાધાર વરસાદથી સર્વત્ર પાણી જ પાણી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે અનેક સ્થળોએ સાંબેલાધાર વરસાદથી સર્વત્ર પાણી જ પાણી થઈ જવા પામ્યું છે. જિલ્લાની મહત્વવી નદીઓ તેમજ નાના નાના વ્હોળા પાણી વહેવાથી સજીવન થઈ ઉઠ્યા છે. જ્યાં રવિવારે બપોરે ૪ વાગ્યા સુધીમાં પુરા થતાં ૩૪ કલાક

દરમિયાન સૌથી વધારે વડગામમાં ૬.૯૬, પાલનપુર ૬.૪, ભાભર ૬.૮ ઈંચ વરસાદ ખાબક્યો હતો. એ સિવાય મોટા ભાગના વિસ્તારોમાં એક થી ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

બનાસકાંઠા જિલ્લામાં શ્રવણ માસના સરવણીયા વરસ્યા બાદ હવે ભાદરવા માસમાં જાણે ચોમાસું જામ્યું છે. જ્યાં ભારે વરસાદની આગાહી વચ્ચે છેલ્લા બે દિવસથી મધ્યમથી ભારે વરસાદ પડી રહ્યો છે. અને શનિવાર દિવસ, રાત્રી અને રવિવાર બપોર સુધીમાં અનેક સ્થળોએ ધોધમાર વરસાદ પડતાં આ સ્થળો બેટમાં ફેરવાયા છે. સર્વત્ર પાણી જ પાણી થઈ જવા પામ્યું છે. જિલ્લાની મહત્વવી બનાસનદી, બાલારામ નદી, ઉમરદશી નદીઓ તેમજ નાના નાના વ્હોળા પાણી વહેવાથી સજીવન થઈ ઉઠ્યા છે. જ્યાં રવિવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં સૌથી વધારે વડગામમાં ૬.૯૬, પાલનપુર ૬.૪, ભાભર ૬.૮ ઈંચ વરસાદ ખાબક્યો હતો. એ સિવાય મોટા ભાગના વિસ્તારોમાં એક થી ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. પાલનપુરમાં પોણા ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકતા કીર્તિસ્તભ, સીટીલાઈટ, ગણેશપુરા, મફતપુરા, સિવિલ હોસ્પિટલ તેમજ હાઈવે સ્થિત સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. અમદાવાદ હાઈવે ઉપર બનાવેલા પુલ નજીકના અન્ડર પાસમાં પણ પાણી ભરાઈ ગયા હતા. આબુ હાઈવે ઉપર સાંઈ બાબા મંદિર પાસે પાણી ભરાઈ જતાં વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. આ ઉપરાંત પાલનપુર અંબાજી હાઈવે ઉપર દાનાપુર નજીક હાઈવે ઉપર પાણી ભરાતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. પાલનપુર અમદાવાદ હાઈવે ઉપર ગઠામણ પાટિયા પાસે તંત્ર દ્વારા પાણી નિકાલની કામગીરી કરી હતી. ભીલડીમાં ઉમિયાનગર, પંચવટી સોસાયટી અને ગોગામઢ વિસ્તારમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા અને લોકો ને હાલાકી ભોગવી પડી હતી.

બનાસકાંઠામાં ક્યાં કેટલો વરસાદ

અમીરગઢઃ	૬૪
કાંકરેજઃ	૪૮
ડીસાઃ	૨૦
થરાદઃ	૧૪
દાંતાઃ	૪૪
દાંતીવાડાઃ	૬૦
દિયોદરઃ	૫૪
ધાનેરાઃ	૪૯
પાલનપુરઃ	૧૬૦
ભાભરઃ	૧૫૨
લાખણીઃ	૪૩
વડગામઃ	૧૭૪
વાવઃ	૦૭
સુઈગામઃ	૩૭

ધાણધા નદીનો કોઝ-વે તૂટી ગયો

પાલનપુર તાલુકાના ધાણધાર વિસ્તારમાં વહેતી ઉમરદશી નદીના પટમાં ધાણધા ગામ નજીક નદીમાં કોઝ- વે બનાવવામાં આવ્યો હતો. જોકે, ભારે વરસાદના કારણે નદીમાં પુર આવતાં કોઝ-વે તૂટી જવા પામ્યો હતો.ઉલ્લેખનીય છે કે, આ રસ્તો ફૂંપર (ભાટવડી), માલણ, જડિયાલ સહિતના ૧૦થી વધારે ગામડાઓને સાંકળે છે. કોઝ- વે ના બાંધકામમાં ગેરરીતિ આચરાઈ હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે કોન્ટ્રાક્ટર પાસે નવો કોઝ-વે બનવડાવવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

આજે ગુજકેટની પરીક્ષા : કોવિડ સામે જરૂરી તકેદારી રાખવા પણ સુચના

શિક્ષણમંત્રીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી રાજયમાંથી ૧૨૭૨૩૦ ઉમેદવારો પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગુજકેટના પરીક્ષા સ્થળો પર કોવિડ સામે તમામ સાવચેતી રાખવામાં આવશે. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. કોરોનાના સંકટ વચ્ચે પરીક્ષાની તારીખમાં અગાઉ ફેરફાર કરવામાં આવ્યો હતો આખરે તા ૨૪ ઓગષ્ટના રોજ ગુજકેટની પરીક્ષા લેવાનુ આયોજન કરવામાં આવતા વિદ્યાર્થીઓ પણ તૈયારીમાં લાગી ગયા હતા. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ ડી એસ પટેલના જણાંવ્યા મુજબ રાજયના જિલ્લા મથકે ૩૪ કેન્દ્રો પર ગુજકેટની પરીક્ષા લેવાશે. જયારે આ પરીક્ષામાં કુલ ૧૨૭૨૩૦ ઉમેદવારો નોંધાયા છે. આ પરીક્ષા માટે ૬૨૧ પરીક્ષા બિલ્ડીંગોમાં ૬૪૩૧ પરીક્ષાખંડોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગુજસેટની પરીક્ષાને અનુલક્ષી શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે. ગુજકેટની પરીક્ષા પુર્ણ થયા બાદ માર્ચ ૨૦૨૦ માં ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા પણ લેવાશે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા તા ૨૫ થી ૨૭ ઓગષ્ટ દરમિયાન યોજવામાં આવશે. ધો -૧૦ ની પુરક પરીક્ષામાં પણ ૧૩૧૯૦૧ ઉમેદવારો પરીક્ષા આપશે. જેમાં ૬૨૩ પરીક્ષા સ્થળો અને ૬૧૯૨ પરીક્ષાખંડોનો ઉપયોગ થશે. કોરોનાની મહામારીના સંજોગોમાં યોજનારી પરીક્ષા દરમિયાન શિક્ષણ વિભાગના અગ્ર સચિવ દ્વારા જિલ્લા કેલેકટર, મ્યુનિ કમિશ્નર તેમજ જિલ્લા શિક્ષણાધિકારીઓને જરૂરી સાવચેતી રાખવા રાખવા સુચના આપવામાં આવી છે. પરીક્ષા દરમિયાન પણ પરીક્ષા સ્થળો પર સોશિયલ ડિસ્ટન્સીંગ, સેનીટાઈઝેશન , થર્મલગનથી ટેમ્પરેચર ચેકીંગ અને માસ્ક ફરિજયાત સહીતના નિયમોનુ પાલન કરવાનુ રહેશે. જયારે આ વ્યવસ્થાઓની ચકાસણી માટે ઓબર્ઝવરની નિમણુંક પણ કરવામાં આવી છે.

રાજ્યના ૧૦૨ રસ્તા બંધ, એસટીની ૨૦ ટ્રીપ રદ કરાઈ

દાહોદ, અરવલ્લી, ગીર-સોમનાથ, સુરેન્દ્રનગર, કોડિનાર સહિત રાજ્યમાં થઈ રહેલ વરસાદના લીધે નાળાં છલકાયા

ગાંધીનગર,તા.૨૩

હવામાન વિભાગે કરેલી આગાહી અનુસાર, અમદાવાદ સહિત રાજ્યભરમાં બરાબરનું વરસાદી વાતાવરણ જામ્યું છે. દાહોદ, અરવલ્લી, ગીર-સોમનાથ, સુરેન્દ્રનગર, કોડિનાર, દ્વારકા સહિત રાજ્યમાં થઈ રહેલા વરસાદના કારણે નદી-નાળાં છલકાયા છે તો ડેમમાં પણ નવા નીરની આવક થઈ છે. રાજ્યમાં ભારે વરસાદના કારણે કેટલાક રસ્તાઓની હાલત ખરાબ થઈ છે તો કેટલાક માર્ગ સંપૂર્ણપણે ધોવાઈ ચૂક્યાં છે. વાહન વ્યવહારને પણ અસર પહોંચતા એસટીએ પણ કેટલીક ટ્રીપ રદ કરી હતી. વરસાદના કારણે જનજીવનને પણ અસર પહોંચી રહી છે.

ભારે વરસાદનું પાણી હવે લોકોના ઘરમાં ઘૂસી રહ્યું છે. આ સ્થિતિના કારણે કેટલાક વિસ્તારના રસ્તાઓ સંપૂર્ણ બંધ કરવામાં આવ્યાં છે. રાજ્ય સરકારે હાલાતની સમીક્ષા કરવા માટે મોનિટરિંગ કરવાનું કહ્યું છે તો એનડીઆરએફની ટીમને પણ એલર્ટ રાખવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં વરસાદના કારણે સ્થિતિ વધુ ખરાબ બની છે. સુરેન્દ્રનગરમાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતાં. જેના કારણે વાહનચાલકોની મુશ્કેલી વધી છે.

સાર્વત્રિક વરસાદના કારણે જળાશયો તો છલકાયાં જ છે આ ઉપરાંત સામાન્ય લોકોની અવરજવર માટે કેટલાક રસ્તાઓ બંધ કરવામાં આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. વરસાદ વચ્ચે રાજ્યના ૧૦૨ રસ્તાઓ બંધ કરવામાં આવ્યાં છે.

પ્રાંતિજ નગરપાલિકાના નવા પ્રમુખની આજે ચૂંટણી

સત્તાધારી પક્ષના પ્રમુખ બનશે કે પછી બળવો થશે ? : પ્રમુખના નામની સાથે કારોબારી ચેરમેનના નામ પર આજે મોહર લાગશે

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખની ચૂંટણીને લઈને પ્રાંતિજ સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો છે અને પ્રમુખને લઈને હાલ તો સતાપક્ષ માજ બે જુથ જોવા મળી રહ્યા છે. ત્યારે હાલ તો પ્રમુખની વરણીને લઈને ના જાણે જાનકી નાથ આજે શું થશે.

નગરપાલિકાના પ્રમુખને લઈને આજે પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબેન પઢેરીયાના અધ્યક્ષસ્થાને નગરપાલિકા ખાતે ચૂંટણી યોજાશે. ત્યારે સત્તાપક્ષનું પલ્લું ભારે છે, ત્યારે હાલ તો સત્તાપક્ષમાં જ પ્રમુખને લઈને બે પક્ષ જોવા મળી રહ્યા છે ત્યારે બન્ને પક્ષો દ્વારા પોત પોતાના પ્રમુખને સત્તા અપાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે ત્યારે આજે પ્રમુખ માટે પાર્ટી દ્વારા કોના નામ ઉપર મોહર લાગશે એ તો હમણા થોડાજ કલાકોમા જ ખબર પડશે ત્યારે પાર્ટીએ આપેલ નામ મજુર રહેશે કે પછી અંદરો અંદર બળવો એ તો આજે થોડાક કલાકો માજ સ્પષ્ટ થઈ જશે તો પ્રમુખના નામની સાથે આજે કારોબારીના ચેરમેનના નામ ઉપર મોહર લાગશે.

શ્રીકાર વર્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયો છે. અલબત્ત સિઝનનો ૨૮.૫ મી મી વરસાદ નોંધાયો છે. શહેરમાં સતત વરસાદના લીધે સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે. ભારે વરસાદ દરમિયાન નગરમાં અનેક ઠેકાણે વૃક્ષો જમીનદોસ્ત થયા હતા જયારે અનેક ઠેકાણે માટી પોલાણ થવાના લીધે ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. આજે સાંજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસ્યો હતો. સેકટરોમાં વરસાદની સાથે વરસાદી સમસ્યાઓ પણ જટીલ સ્વરૂપે ઉભરી રહી છે. શહેરમાં ગણેશોત્સવની ઉજવણી સાથે વરસાદી મોસમ પણ નિખરી છે. ભાવિકોએ ઘરે જ પારિવારિક માહોલમાં દુંદાળા દેવની પુજા અર્ચના કરવાનો નિર્ણય લીધો છે. શ્રીજીની ભકિત અર્ચના વચ્ચે વરસાદી મોસમે પણ રંગત જમાવી છે.

સરેરાશ ત્રણ ઈંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાધનો સાથે ટીમો રવાના કરી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરી હતી.

કલોલ તાલુકામાં પણ ત્રણ ઈંચ જેટલો વરસાદ થતાં કલોલ હાઈવે પાસે પાણી ભરાઈ જવા પામ્યા હતા. જો કે આ પછી તંત્રએ પણ કામગીરી હાથ ધરી અને પાણીના નિકાલ માટેની જરૂરી કાર્યવાહી કરતાં ટ્રાફિકે પુનઃ તેની ગતિ પકડી લીધી હતી. મળતી વિગતો પ્રમાણે કલોલમાં સવારે ૬ થી ૮ માં દોઢ ઈંચ અને ૮ થી ૧૦ માં ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જો કે બપોર પછી વરસાદનું જોર ઘટવા પામ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં શરૂઆતમાં ધીમી ગતિએ વરસાદ આરંભાયો હતો અને દસ વાગ્યા સુધીમાં અહિ પણ લગભગ અઢી ઈંચ જેટલો વરસાદ થઈ ચુક્યો હતો. ગાંધીનગર-પેથાપુર માર્ગ પર પાણી ભરાઈ ગયા હતા પરંતુ બપોર પછી તે પાણી ઉતરવા લાગ્યા હતા.

દહેગામમાં પણ આજે સવારથી જ વરસાદ ધીમી ધારનો શરૂ થયો હતો અને સવારે ૮ થી ૧૦ ના બે કલાકમાં વધુ એક ઈંચ જેટલો વરસાદ થયો હતો.

સમગ્ર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં ગ્રામ્ય તળાવોમાં પાણીની આવક થવા પામી છે.

મઘા નક્ષત્રમાં થયેલ વરસાદની આ મહેરથી ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.

જિલ્લામાં આજે સવાર સુધીમાં ૭૮ ટકા સિઝનનો વરસાદ નોંધાયો હતો. ગઈકાલે પણ જિલ્લામાં સરેરાશ બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

કંટ્રોલરૂમના સૂત્રોના જણાવ્યાનુસાર દહેગામમાં ૭૪૦ મી.મી., ગાંધીનગરમાં ૫૬૩ મી.મી., કલોલમાં ૫૩૭ મી.મી., માણસામાં ૬૧૩ મી.મી. વરસાદ નોંધાયો છે. ટકાવારીમાં જોઈએ તો દહેગામમાં ૯૦ ટકા, ગાંધીનગરમાં ૮૦ ટકા, કલોલમાં ૬૮ ટકા અને માણસામાં ૭૬ ટકા જેટલો વરસાદ સિઝનનો નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં આ વખતે સમયસર ચોમાસાનું આગમન અને વરસાદ પણ સમયાંતરે સારો થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો છે.

વધુ ૧૨ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે સઈજ ગામેથી એક ૮૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨૬૬ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

હાલ જિલ્લામાં ૧૨૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૬૮૭૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ડોઝ ફ્રી વિતરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંજૂરી આપી છે. વેક્સિન સફળ થવા પર લોકોને રાષ્ટ્રીય ટીકાકરણ કાર્યક્રમ હેઠળ મફતમા વેક્સિન આપવામા આપશે. ઓક્સફર્ડની કોરોના વેક્સિનના ઉત્પાદનના હક એસેટ્રેજેનકા કંપનીના છે. એસ્ટ્રેજેનકા કંપનીની સાથે સીરમ ઈન્સ્ટીટયૂટે કરાર કર્યા છે. આ કરાર હેઠળ સીરમ ઈન્સ્ટીટયૂટ ના કેવળ ભરત પરંતુ વિશ્વના ૯૨ દેશોમા વેક્સિનનુ સપ્લાય કરી શકશે. સીરમ ઈન્સ્ટીટયૂટ પુણેમા આવેલું છે. આ ઈન્સ્ટીટયૂટનુ કેમ્પસ ૧૫૦ એકરમાં ફેલાયેલું છે. જ્યાં હજારો કર્મચારીઓ વેક્સિનનુ ઉત્પાદન કરવામા લાગ્યા છે. જ્યારે, હાલના યોજના મુજબ છેલ્લા ૭૨ દિવસમા વેક્સિન બજારમા પહોંચી જશે. સીરમ ઈન્સ્ટીટયૂટને કોરોના વેક્સિન તૈયાર કરવા માટે બિલ એન્ડ મિલિન્ડા ગેટસ ફાઉન્ડેશન અને ગવિ વેક્સિન અલાઉન્સમાથી ૧૫ કરોડ ડોલરનું ફંડ મળ્યું છે. આ ફંડ ભારત સહિત બીજા વિકાસશીલ દેશોમા વેક્સિનનો સપ્લાય કરવા માટે આપવામા આવ્યુ છે. ગવિ વેક્સિન અલાઉન્સની યોજના હેઠળ એસ્ટ્રેજેનકા અને નોવાવેક્સ વેક્સિનના એક ડોઝની કિંમત ૨૨૪ રૂપિયા હશે. ગવિ ૯૨ દેશો માટે કોરોના વેક્સિન ઉપલબ્ધ કરાવવામા આવશે.

ફિલ્મોના શુટીંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શૂટિંગ સદંતર બંધ થઈ ગયા હતા. છેલ્લા બે મહિનાથી કેટલાક રાજ્યોમાં આંશિક શૂટિંગ શરૂ કરાયા છે. ગૃહ મંત્રાલય અને આરોગ્ય વિભાગ સાથે ચર્ચા-વિચારણા કરીને અમે એસઓપી જાહેર કર્યા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી અર્થતંત્રનો મહત્વનો ભાગ છે અને લાખો લોકોને રોજગારી આપે છે. આ લોકો છેલ્લા ૬ મહિનાથી બેરોજગાર થયા છે. માટે ફિલ્મોના શૂટિંગ ફરી શરૂ કરવા આ ગાઈડલાઈન્સ બહાર પાડવામાં આવી છે. એસઓપી પ્રમાણે, એક્ટર્સ કેમેરાની સામે હોય ત્યારે તેમને માસ્ક પહેરવામાંથી મુક્તિ મળે છે. કોવિડ કો-ઓર્ડિનેટરે ધ્યાન રાખવાનું છે કે, દરેક વ્યક્તિના ફોનમાં આરોગ્ય સેતુ એપ હોય અને સમયાંતરે તે અપડેટ થતી રહે. ઉમરલાયક એક્ટર્સે પોતાનું વિશેષ ધ્યાન રાખવાનું રહેશે. તેઓ કોઈ ફ્રંટલાઈન વર્કરના સીધા સંપર્કમાં ના આવે તેની ચોકસાઈ રાખવી પડશે. આ ઉપરાંત યોગ્ય સ્વચ્છતા રાખવી પણ જરૂરી છે. હાલ ઓડિયન્સને સેટ પર જવાની પરવાનગી આપવામાં આવી નથી. આ ગાઈડલાઈન્સનો મૂળ હેતુ એ જ છે કે ઓછામાં ઓછો સંપર્ક લોકોની વચ્ચે રહે.

કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલુ

ભવિષ્યમાં લોકસભાના સ્પીકર આને મનીબીલ જાહેર કરે તો અદાલત તેનો રીવ્યુ કરી શકશે હવે જોવાનું એ છે કે કોંગ્રેસ નિજતાના અધિકાર માટે જનતા તરફે રહે છે કે બીલને સરેન્ડર થાય છે હાલમાં જે ગ્રાહકોના ડેટા બેન્ક કે મોબાઈલ નેટવર્ક સાથે લીંક થયા છે તેને ડિલીટ કરવાનું કાર્ય અઘરૂ જ નહિ અશકય છે જનતાના નિજતાના અધિકાર ઉપર તરાપ સમાન ચુકાદો છે. આધાર ડેટાના સંગ્રહ પ્રતિબંધ સેકશન ૩૩(૧) તથા ૩૩(૨) ગેરકાયદેસર ગણવામાં આવ્યા સેકશન ૫૭ માં જેમાં એવી જોગવાઈઓ હતી કે કોઈપણ નાગરિકની ઓળખ ઉભી કરવાના હેતુથી સરકાર અથવા ખાનગી કંપનીઓ આધાર ફરજીયાત પણે માંગી શકે છે તે રદ કરવામાં આવેલ છે સેકશન ૪૭ કે જેમાં યુઆઈડીએઆઈ સીવાય અન્ય કોઈ નાગરિક કેસ કરી શકતો ન હતો તે સેકશન હટાવી દેવામાં આવી છે ઈન્કમટેક્ષ સેકશન ૧૩૯(એએ)ને માટે માત્ર આધાર ફરજીયાત કરેલ છે પાન કાર્ડ બનાવવા આધાર ફરજીયાત કરેલ છે.

અતિતની આજ

● ચોથા પાનાનું ચાલુ

તબિયત પણ નાજુક છે. અન્ય જૂથો સાથે સરકાર મંત્રણા કરીને મુઈવા પર દબાણ લાવવા પ્રયત્નશીલ છે, પણ મામલો હાથથી જાય તો ફરીને ગેંગો કાર્યરત થતાં માત્ર બળવાખોરો જ નહીં, સામાન્ય નાગરિકો સાથે વ્યવહાર કરવાનું પણ મુશ્કેલ બને એવું છે. આવા સંજોગોમાં કેન્દ્ર સરકારે મડાગાંઠ તાકીદે ઉકેલવી પડે. જોકે જમ્મૂ-કાશ્મીરમાં વિશેષ દરજ્જો સમાપ્ત કર્યો અને એનું અલગ બંધારણ રદ કરાયું તેમ જ અલગ ધ્વજ દૂર કરાયા પછી નાગાલેન્ડના બળવાખોરોની આવી માંગણી કેન્દ્ર સરકાર માન્ય કરવાની સ્થિતિમાં નથી, ભલે ૨૦૧૫ના હજુ ગુપ્ત રહેલા એ કરારમાં એનએસસીએન(આઈએમ)ના દાવા મુજબ અલગ બંધારણ અને અલગ ધ્વજની વાતને સ્વીકારવામાં આવી હોય. નાગલેન્ડનું કોકડું ઉકેલવામાં છૂટછાટ આપવા જતાં ભાજપ અને એની સરકારની રાષ્ટ્રવાદ અને ''એક દેશ, એક નિશાન''ની નીતિ સામે પ્રશ્નાર્થો ઊભા થઈ શકે.

- haridesai@gmail.com